**GJGS010014912022**

દાખલ તારીખ : ૨૯/૦૬/૨૦૨૨
નોંધ્યા તારીખ : ૨૯/૦૬/૨૦૨૨
નિર્ણય તારીખ : ૦૩/૦૭/૨૦૨૬
મુદત : વર્ષ–૦૪, માસ–૦૦, દિવસ–૦૪

===========================================================

**નામદાર સુપ્રિમ કોર્ટના SU MOTO WRIT (CRL) NO.(S)1/2017 તથા ક્રિમીનલ મેન્યુઅલના ચેપ્ટર VI ના 179 A– અન્વયેના નોટીફીકેશન નં. સી.૨૦૦૧–૯૩**
**તા.૨૦.૦૫.૨૦૨૨ ના ઠરાવેલ પર્ફોમા મુજબ**
**FORM–A**

===========================================================

**ગીર સોમનાથ જિલ્લાના એડી સેશન્સ જજશ્રીની કોર્ટમાં, મુ. વેરાવળ**

---

**શ્રી જે. જે. પંડયા**
**સ્પેશ્યલ જજ**
**ગીર સોમનાથ, વેરાવળ**
**ચુકાદાની તા.૦૩/૦૭/૨૦૨૬**

---

**સેશન્સ કેસ નં.૩૧/૨૦૨૨**

---

| **એફ. આઇ. આર. ની વિગતો/ગુનો અને પોલીસ સ્ટેશન** | |
|---|---|
| **પોલીસ સ્ટેશન** | પ્રભાસપાટણ પોલીસ સ્ટેશન ગુ.રજી. નં. ૧૧૧૮૬૦૦૪૨૨૦૦૭૮/૨૦૨૫ |
| **ગુનો** | આઇ.પી.સી.કલમ–૩૭૬(૨)(એન), ૫૦૬(૨) મુજબ |
| **તહોમતનામા મુજબ તહોમત** | આઇ.પી.સી.કલમ–૩૭૬(૨)(એન), ૫૦૬(૨) મુજબ |
| **ફરીયાદી** | શ્રી સરકાર<br>મુળ ફરીયાદી |
| **વિ. એ. પી. પી. શ્રી** | શ્રી કે.ડી.વાળા |
| **આરોપી** | **અખ્તર યુસુફભાઇ મલેક**<br>ઉ.વ.૨૨, ધંધો–મીસ્ત્રી,<br>રહે.પ્રભાસપાટણ,<br>તા.વેરાવળ, જી.ગીર સોમનાથ. |
| આરોપી તરફે | વિ. વ.શ્રી એ.આઇ.સુમરા |

**FORM-B**

| | |
|---|---|
| **ગુનો બન્યાની તારીખ** | ૨૧.૦૨.૨૦૨૨ |
| **ફરીયાદની તારીખ** | ૦૬.૦૧.૨૦૨૨ થી ૨૧.૦૨.૨૦૨૨ સુધી |
| **ચાર્જશીટની તારીખ** | ૨૯.૦૬.૨૦૨૨ |
| **તહોમત ફરમાવ્યાની તારીખ** | ૦૩.૦૭.૨૦૨૩ |
| **પુરાવો શરૂ કર્યાની તારીખ** | ૦૭.૦૩.૨૦૨૪ |
| **ચુકાદો સંક્ષીપ્તમા રાખ્યાની તારીખ** | ૦૩.૦૭.૨૦૨૬ |
| **ચુકાદાની તારીખ** | ૦૩.૦૭.૨૦૨૬ |
| **સજાના હુકમની તારીખ જો કોઇ હોય તો** | – |

**<u>આરોપીની વિગત</u>**

| નં. | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર મુકત કરવામાં આવેલ હોય તો તેની વિગત | કયા ગુનાનો આક્ષેપ છે ? | નિર્દોષ છોડવામાં આવ્યા કે કસુરવાર? | શુ સજા કરી ? | ક્રિ. પ્રો. કોડની કલમ–૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમ્યાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે ? |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | **અખ્તર યુસુફભાઇ મલેક** | ૨૨.૦૨.૨૦૨૨ | ૦૫.૦૩.૨૦૨૨ | આઇ.પી.સી.કલમ – ૩૭૬(૨)(એન) વિગેરે | | આઇ.પી.સી.કલમ–૩૭૬(૨)(એન) વિગેરે | ૧૧ દિવસ |

**FORM-C**

**<u>ફરીયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટ સાહેદોનું લીસ્ટ</u>**

**(એ) <u>ફરીયાદપક્ષ તરફે મૌખિક પુરાવો :–</u>**

| **સાહેદ નં.** | **સાહેદનુ નામ** | **વિગત** | **આંક** |
|---|---|---|---|
| ૧ | ફરિયાદી/ભોગબનનારની જુબાની | ફરિયાદી | ૧૫ |
| ૨ | અસરફભાઇ અલીભાઇ મલંગની જુબાની | પંચસાહેદ | ૨૧ |
| ૩ | મહેબુબ ઇબ્રાહીમ બ્લોચની જુબાની | પંચસાહેદ | ૨૩ |
| ૪ | સલીમભાઇ ઇબ્રાહીમભાઇ મલેકની ની જુબાની | ભોગબનનારના કપડા કબજે | ૩૨ |

| | | | |
|---|---|---|---|
| | | કર્યાના પંચ | |
| ૫ | મહમદશા હુશેનશા શાહમદારની જુબાની | ફરિયાદીની પિતા | ૩૯ |
| ૬ | ફૈઝલશા મહમદશા શાહમદારની જુબાની | ફરિયાદીના ભાઇ | ૪૦ |
| ૭ | હાર્દીપસિંહ વનરાજસિંહ ચુડાસમાંની જુબાની | ત.ક.અધિકારી | ૪૬ |

## ફરીયાદપક્ષ તરફે આંકે પડેલા દસ્તાવેજી પુરાવા

| અ. નં. | દસ્તાવેજનુ નામ | આંક |
|---|---|---|
| ૧ | અસલ ફરિયાદ | ૧૬ |
| ૨ | ભોગબનનારનુ મેજીસ્ટ્રેટશ્રી રૂબરૂનુ નિવેદન | ૧૭ |
| ૩ | બનાવવાળી જગ્યાનુ પંચનામુ | ૨૨ |
| ૪ | ભોગબનનારના કપડા કબજે કર્યા અંગેનુ પંચનામુ | ૩૩ |
| ૫ | આરોપીપક્ષે કબુલ રાખેલ પંચનામા | ૩૪ થી ૩૭ |
| ૬ | ફરિયાદ રજીસ્ટર કરવા કરેલ યાદી | ૪૭ |
| ૭ | તપાસનો હુકમ | ૪૮ |
| ૮ | રવાનગી નોંધ અને રવાનગી પત્રક | ૪૯–૫૦ |
| ૯ | ભોગબનનારનુ નિવેદન લેવડાવવા કરેલ યાદી | ૫૧ |
| ૧૦ | કોલ ડિટેઇલ્સ મંગાવવા નોડલ ઓફિસરને કરેલ યાદી | ૫૨ |
| ૧૧ | કોલડિટેઇલ્સ | ૫૩ |
| ૧૨ | મુદામાલ એફ.એસ.એલ.ને મળેલાની પહોંચ | ૫૪ |
| ૧૩ | ફોરવર્ડીંગ લેટર અને એફ.એસ.એલ. રીપોર્ટ | ૫૫–૫૬ |

## ॥ ચુકાદો ॥

૧. આરોપી **આઇ.પી.સી.કલમ–૩૭૬(૨)(એન), ૫૦૬(૨)** મુજબના શીક્ષાને પાત્ર ગુન્હા અંગેની ઈન્સાફી કાર્યવાહીનો સામનો કરી રહેલા છે.

૨. **ફરિયાદપક્ષની ટુંકમાં હકીકત એવી છે કે,** આરોપી અને ફરિયાદી આજુબાજુમાં રહેતા હોય અને આરોપી ફરિયાદીના ભાઈના મિત્ર હોય તેના કારણે ફરિયાદીના ઘરે આવજા કરતા ફરિયાદી તથા આરોપી વચ્ચે મનમેળ થઈ જતા ફરિયાદી પોતાના ઘરે એકલી હોય ત્યારે ફરિયાદીની એકલતાનો લાભ લઈ ફરિયાદીની મરજી વિરૂદ્ધ બળજબરીથી શરીર સંબંધ બાંધી સંભોગ કરતો હોય

પણ ત્યારે ફરિયાદીને આરોપી તેની સાથે લગ્ન કરશે અને આરોપીની જે તે વખતેની ઉંમર નાની હોવાના કારણે લગ્ન થઇ શકે તેમ ન હોય જેથી ફરિયાદીએ આ બાબતે કોઈને કશી જાણ કરેલ ન હોય ત્યારબાદ ગુન્હો જાહેર થયાના દોઢેક માસ પહેલાના સમયે આરોપીએ ફરિયાદીને પ્રભાસ પાટણ શાઇન કોલોનીમાં બનતા પોતાના રહેણાંક મકાને બોલાવતા ફરિયાદી જતા આરોપીએ ફરીથી ફરિયાદીની મરજી વિરુદ્ધ બળજબરીથી શરીર સંબંધ બાંધી સંભોગ કરતા ફરિયાદીએ લગ્ન કરવાની વાત કહેતા આરોપીએ ફરિયાદી સાથે લગ્ન કરવાની ના પાડી તેની સાથે સંબંધ બાબતે કોઇને વાત કરશે તો જાનથી મારી નાંખવાની ધમકી આપેલ. તે અંગેની ફરિયાદ પ્રભાસપાટણ પોલીસ સ્ટેશન ગુ. રજી. નં.૧૧૧૮૬૦૦૪૨૨૦૦૭૮/૨૦૨૫ થી **આઇ.પી.સી.કલમ-૩૭૬(૨)(એન), ૫૦૬(૨)** મુજબનો ગુન્હો આરોપી વિરૂદ્ધ દાખલ કરેલ. ત.ક. અમલદારે ગુના અંગેની પુરતી તપાસ કર્યા બાદ આરોપી વિરૂદ્ધ **આઇ.પી.સી.કલમ-૩૭૬(૨)(એન), ૫૦૬(૨)** મુજબનો પુરાવો ઉપરોક્ત ગુના અંગેની તહોમતનામું ફરમાવવા પુરતા પુરાવા જણાતા હોય આરોપી વિરૂદ્ધ અત્રેની ખાસ અદાલત સમક્ષ ઉપરોક્ત ગુન્હા (તહોમતનામું) બી.એન.એસ.એસ.ની કલમ-૧૯૩ અન્વયેનો રીપોર્ટ આખરી અહેવાલ રજુ કરેલ.

**૩.** તહોમત સંબંધે પક્ષકારોની દલીલ તથા રજુ થયેલ દસ્તાવેજી પુરાવા લક્ષમાં લેતા આરોપી વિરૂદ્ધ **આઇ.પી.સી.કલમ-૩૭૬(૨)(એન), ૫૦૬(૨)** મુજબના ગુન્હા સબબ તહોમત ફરમાવવા માટે પુરતા અને વાજબી કારણો જણાતા હોય આરોપીને તહોમતનામાની નકલ તેમજ ફરિયાદ પક્ષે રજુ કરેલ પુરાવાની નકલ બી.એન.એસ.એસ.ની કલમ-૨૩૦ અન્વયે મળ્યાની ખાત્રી કરી આરોપી વિરૂદ્ધ ઉપરોક્ત ગુન્હા અંગેનું તહોમત બી.એન.એસ.એસ.ની કલમ-૨૪૯ અન્વયે **આંક-૧૦** થી ફરમાવેલ છે અને **આંક-૧૧ થી** આરોપીની પ્લી લેતા આરોપીએ ઇન્સાફી કાર્યવાહીની માંગણી કરતા આરોપી વિરૂદ્ધ તહોમતની ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે. જે દરમ્યાન ફરિયાદપક્ષે નીચે મુજબ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

**(એ) ફરીયાદપક્ષ તરફે મૌખિક પુરાવો :–**

| સાહેદ નં. | સાહેદનુ નામ | વિગત | આંક |
|---|---|---|---|
| ૧ | ફરિયાદી/ભોગબનનારની જુબાની | ફરિયાદી | ૧૫ |
| ૨ | અસરફભાઇ અલીભાઇ મલંગની જુબાની | પંચસાહેદ | ૨૧ |
| ૩ | મહેબુબ ઇબ્રાહીમ બ્લોચની જુબાની | પંચસાહેદ | ૨૩ |
| ૪ | સલીમભાઇ ઇબ્રાહીમભાઇ મલેકની ની જુબાની | ભોગબનનારના કપડા કબજે કર્યાના પંચ | ૩૨ |
| ૫ | મહમદશા હુશેનશા શાહમદારની જુબાની | ફરિયાદીની પિતા | ૩૯ |
| ૬ | ફૈઝલશા મહમદશા શાહમદારની જુબાની | ફરિયાદીની ભાઇ | ૪૦ |
| ૭ | હાર્દીપસિંહ વનરાજસિંહ ચુડાસમાંની જુબાની | ત.ક.અધિકારી | ૪૬ |

**ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા**

| અ. નં. | દસ્તાવેજનુ નામ | આંક |
|---|---|---|
| ૧ | અસલ ફરિયાદ | ૧૬ |
| ૨ | ભોગબનનારનુ મેજીસ્ટ્રેટશ્રી રૂબરૂનુ નિવેદન | ૧૭ |
| ૩ | બનાવવાળી જગ્યાનુ પંચનામુ | ૨૨ |
| ૪ | ભોગબનનારના કપડા કબજે કર્યા અંગેનુ પંચનામુ | ૩૩ |
| ૫ | આરોપીપક્ષે કબુલ રાખેલ પંચનામા | ૩૪ થી ૩૭ |
| ૬ | ફરિયાદ રજીસ્ટર કરવા કરેલ યાદી | ૪૭ |
| ૭ | તપાસનો હુકમ | ૪૮ |
| ૮ | રવાનગી નોંધ અને રવાનગી પત્રક | ૪૯–૫૦ |
| ૯ | ભોગબનનારનુ નિવેદન લેવડાવવા કરેલ યાદી | ૫૧ |
| ૧૦ | કોલ ડિટેઇલ્સ મંગાવવા નોડલ ઓફિસરને કરેલ યાદી | ૫૨ |
| ૧૧ | કોલડિટેઇલ્સ | ૫૩ |
| ૧૨ | મુદામાલ એફ.એસ.એલ.ને મળેલાની પહોંચ | ૫૪ |
| ૧૩ | ફોરવર્ડીંગ લેટર અને એફ.એસ.એલ. રીપોર્ટ | ૫૫–૫૬ |

**૪.** ફરિયાદપક્ષે **આંક–૫૭** થી પોતાનો પુરાવો પુરો થયાનું પુરસીસથી જાહેર કરતા આરોપીનું બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ અન્વયે વિશેષ નિવેદન લેવામાં આવેલ છે જેમાં આરોપીએ તેઓની વિરૂદ્ધ ફરિયાદ પક્ષના સાહેદોએ

આપેલ પુરાવાનો ઈન્કાર કરેલ છે અને પોતાના બચાવ પક્ષે સાહેદો તપાસવા નથી કે બચાવ પક્ષે કોઇ પુરાવો રજુ કરવો નથી તેવું જાહેર કરેલ છે. તેમજ વિશેષમાં જણાવેલ છે કે, "હું નિર્દોષ છુ. ખોટો કેસ કરેલ છે. "

**૫.** ઉપરોકત હકીકતના આધારે મારી સમક્ષ નીચેનો મુદ્દો ઉપસ્થિત થાય છે.

**<u>-:: મુદ્દા::-</u>**

**મુદ્દા નં. ૧** શું ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબીત કરે છે કે, આરોપી અને ફરિયાદી આજુબાજુમાં રહેતા હોય અને આરોપી ફરિયાદીના ભાઈના મિત્ર હોય તેના કારણે ફરિયાદીના ઘરે આવજા કરતા ફરિયાદી તથા આરોપી વચ્ચે મનમેળ થઈ જતા ફરિયાદી પોતાના ઘરે એકલી હોય ત્યારે ફરિયાદીની એકલતાનો લાભ લઈ ફરિયાદીની મરજી વિરૂદ્ધ બળજબરીથી શરીર સંબંધ બાંધી સંભોગ કરતો હોય પણ ત્યારે ફરિયાદીને આરોપી તેની સાથે લગ્ન કરશે અને આરોપીની જે તે વખતેની ઉંમર નાની હોવાના કારણે લગ્ન થઈ શકે તેમ ન હોય જેથી ફરિયાદીએ આ બાબતે કોઈને કશી જાણ કરેલ ન હોય ત્યારબાદ ગુન્હો જાહેર થયાના દોઢેક માસ પહેલાના સમયે આરોપીએ ફરિયાદીને પ્રભાસ પાટણ શાઈન કોલોનીમાં બનતા પોતાના રહેણાંક મકાને બોલાવતા ફરિયાદી જતા આરોપીએ ફરીથી ફરિયાદીની મરજી વિરુદ્ધ બળજબરીથી શરીર સંબંધ બાંધી સંભોગ કરતા ફરિયાદીએ લગ્ન કરવાની વાત કહેતા આરોપીએ ફરિયાદી સાથે લગ્ન કરવાની ના પાડી તેની સાથે સંબંધ બાબતે કોઇને વાત કરશે તો જાનથી મારી નાંખવાની ધમકી આપી **આઈ.પી.સી.કલમ-૩૭૬(૨)(એન), ૫૦૬(૨)** મુજબનો ગુનો કરેલ છે?

**મુદ્દા નં.૨** શું હુકમ ?

**૬.** ઉપરોક્ત મુદ્દા સંદર્ભેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

**મુદ્દા નં. ૧** નકારમા.

**મુદ્દા નં. ૨** આખરી હુકમ મુજબ.

**<u>–:: દલીલ ::–</u>**

**૭.** આરોપીનુ વિશેષ નિવેદન લેતા તેઓએ બચાવપક્ષે કોઇ પુરાવો રજુ કરવો ન હોય તેવુ જાહેર કરતા ફોજદારી કાર્યરીતી સંહિતા ૧૯૭૩ ની કલમ–૨૩૪, બી.એન.એસ.એસ.ની કલમ–૨૫૭ અન્વયે બંને પક્ષકારોના વિધ્વાન વકિલશ્રીની દલીલો સાંભળી.

**૭.૧** ફરીયાદપક્ષે વિધ્વાન પબ્લીક પ્રોસીકયુટરશ્રી જે.ડી.પાઠકની દલીલ છે કે, ફરિયાદી સાથે આરોપીએ જબરજસ્તીથી શરીરસંબંધ બાંધેલ હોય તેવો ફરિયાદીએ પુરાવો આપેલ હોય આરોપીને સખત સજા કરવા વિનંતી છે.

**૮.** આરોપી તરફે વિ.વ.શ્રી એ.આઇ.સુમરાની દલીલ છે કે, હાલના કામે ખરેખર ફરિયાદી ભોગબનનાર નથી પરંતુ આરોપી ભોગબનનાર છે અને આરોપી સગીર ઉંમરનો હતો ત્યારે તેને લલચાવી ફોસલાવી ફરિયાદણ પુખ્ત ઉંમરની હતી તેણે શરીરસંબંધ બાંધેલ છે અને આરોપી પુખ્ત ઉંમરની થયા બાદ તેની સાથે લગ્ન કરવાની ના પાડતા હોવાથી ખોટી ફરિયાદ કરેલ છે તેવુ ફરિયાદીના પુરાવા પરથી સાબીત થાય છે. ફરિયાદીના પુરાવાને અન્ય કોઇ પુરાવાથી સમર્થન મળતુ નથી જેથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી છે.

**<u>–॥ પુરાવાનું મુલ્યાંકન ॥–</u>**

**૯.** આંક–૧૫ થી ફરિયાદીનાએ એવો પુરાવો આપેલ છે કે, સાતેક વર્ષ પહેલા મારે અખ્તર યુસુફ સાથે પ્રેમસંબંધ બંધાયેલો. મને અખ્તરે એક મોબાઇલ આપેલો. જેની ઉપર અમે વાતો કરતા હતા. અખ્તર મને એવુ કહેતો હતો કે, ઉંમર થઇ જશે એટલે લગ્ન કરી લેશુ. ઉંમર થઇ જતા લગ્ન કરવાનુ કહેતા તેણે ના પાડેલ અને કહેલ કે, હમણા મકાનનુ કામ ચાલુ છે. અખ્તર અવારનવાર મારે ઘરે આવી જબરજસ્તી કરી શારીરિક સંબંધ બાંધતો હતો અને લગ્ન કરશુ એવો વિશ્વાસ આપતો હતો. ફરિયાદ કરી તેના દોઢ મહીના પહેલા અખ્તરે મને બોલાવેલ ત્યારે અખ્તરે મારી સાથે જબરજસ્તીથી સંભોગ કરેલુ. મે તેને લગ્ન કરવાનુ જણાવતા તેણે લગ્ન કરવા નથી તેવુ જણાવેલ અને એવુ કહેલ કે, આપણે વચ્ચે જે સંબંધ હતા તે હવે પુરા. આ બાબતે કોઇને વાત કરીશ તો જાનથી મારી નાખશે જેથી આજ દિન સુધી કોઇને વાત કરેલી નહી. ત્યારબાદ અખ્તર અવારનવાર હેરાન કરતો હોય અવારનવાર મારી સાથે જબરજસ્તી

શરીરસંબંધ બાંધતો હોય મે પ્રભાસપાટણ પોલીસસ્ટેશનમાં ફરિયાદ આપેલ જે ફરિયાદમાં પોતાની સહી ઓળખી બતાવતા આંક–૧૬ થી રજુ થયેલ છે. કપડા પોલીસને આપેલ. જજસાહેબે પણ નિવેદન લીધેલુ. જે નિવેદનમાં સહી ઓળખી બતાવતા આંક–૧૭ થી રજુ થયેલ છે. મુદામાલ ઓળખી બતાવેલ છે અને આરોપીને ઓળખી બતાવેલ છે. સાહેદની વિસ્તૃત ઉલટતપાસ આરોપીના વિ.વ.શ્રીએ કરેલ છે. તેમાં તે એવો પુરાવો આપે છે કે, મારી ડેલીમાં પાંચ મકાન છે જે અમારા સગાવ્હાલા છે તેની સાથે મારે સારા સંબંધ છે. મારે ફરિયાદ આપ્યાના સાત વર્ષ પહેલાથી અખ્તર સાથે સંબંધ હતા. એ વાતની મને ખબર નથી કે, અખ્તરની ઉંમર ૧૫ વર્ષની હતી ત્યારથી મારે તેની સાથે સંબંધ હતા. અખ્તરે મને પત્ર લખેલા, ચીઠ્ઠી લખેલ તે લઇને હું પોલીસમાં ગયેલી. પરંતુ પોલીસે ચીઠ્ઠી લીધેલી નહી. અખ્તરે મને જે મોબાઇલ આપેલ તે પણ પોલીસમાં લઇને ગયેલી પણ તેણે લીધેલો નહી. મને અખ્તરે ઘણા મોબાઇલ આપેલા. હું મોબાઇલ છુપાવીને રાખતી હતી. રાતના મોડે સુધી પણ અમે ફોનમાં વાત કરતા હતા અને એ હકીકતનો ઇન્કાર કરેલ છે કે, ઇરફાન પંજા સાથે તેને પ્રેમસંબંધ હતો અને તે મરણ ગયેલ છે. હું અખ્તર સાથે ઘણી વખત બહાના કાઢીને જતી હતી. એ વાતનો ઇન્કાર કરેલ છે કે, અખ્તર મારાથી ૧૫ વર્ષ નાનો હતો. મારા નાના ભાઇના લગ્ન સાત વર્ષ પહેલા થયેલ છે. બંને ભાઇઓ અમારી સાથે જ રહેતા હતા. હું બીકના કારણે દેકારો કરતી ન હતી જેથી તેઓ મદદ કરતા ન હતા. મે શરીરસંબંધ બાંધતી વખતે પ્રતિકાર કરેલો હોય અને મને ઇજા થયેલ હોય તેવુ બનેલ નથી. ફોન બગડી જતા હતા જેથી તેણે મને બીજો ફોન આપેલ. હાલ મારા લગ્ન થઇ ગયેલા છે. મે ફરિયાદ આપેલ તેના ૨–૩ દિવસ પહેલા અખ્તરના મા–બાપને ખબર પડી ગયેલ. હું એકલી જ પોલીસસ્ટેશને ફરિયાદ કરવા ગયેલી અને એ હકીકતનો ઇન્કાર કરેલ છે કે, પોલીસસ્ટેશને મે રૂપિયા ત્રણ લાખ સમાધાન કરવાના માંગેલ. અમારા ઘર પાસેના રસ્તામાં સતત અવરજવર હોય છે અને આ રસ્તો સોમનાથ મંદિર સુધી જાય છે. અમારી અખ્તર સાથે કોઇ બબાલ થયેલ નથી અને એ હકીકતનો ઇન્કાર કરેલ છે કે, અખ્તરે લગ્ન કરવાની ના પાડતા દબાણ લાવવા ખોટી ફરિયાદ કરેલ છે.

**૧૦.** ફરિયાદીના સમગ્રપણે પુરાવાનુ મુલ્યાંકન કરતા ફરિયાદ આપેલ ત્યારે ફરિયાદીની ઉંમર ૩૦ વર્ષની હતી અને તેને આરોપી અખ્તર સાથે પ્રેમસંબંધ થયેલ. અવારનવાર મોબાઈલ આપતો હતો. અખ્તર સાથે ફરવા ગયેલી અને આરોપી અખ્તર ભોગબનનારથી ૦૮ વર્ષ નાનો હતો. ફરિયાદીના કથન મુજબ અખ્તર એવુ કહેતો હતો કે, ઉંમર થઇ જશે એટલે લગ્ન કરી લઇશુ. ફરિયાદ આપ્યાના સાત વર્ષ પહેલાથી ભોગબનનારને આરોપી અખ્તર સાથે સંબંધ બંધાયેલ છે અને ફરિયાદ આપેલ ત્યારે ફરિયાદીની ઉંમર ૩૦ વર્ષની હતી તેમજ ફરિયાદી અને આરોપી એક જ વિસ્તારમાં રહેતા હોય તેમ જણાય છે. ચાર્જશીટ સાથે આરોપીનુ ચહેરાનીશાન પત્રક રજુ થયેલ છે તે મુજબ આરોપીની ઉંમર ૨૨ વર્ષ છે. જેથી ફરિયાદી કરતા આરોપી આઠ વર્ષ નાનો છે તેમ માની શકાય અને ફરિયાદ કરેલ તેના સાત વર્ષ પહેલાથી આરોપી સાથે સંબંધ હોય ભોગબનનાર અને આરોપી વચ્ચે શરીરસંબંધ બંધાયેલ અને શરીરસંબંધ બંધાયેલ તે સમયે આરોપીની ઉંમર ૧૫ વર્ષની ગણી શકાય. જેથી ફરિયાદીના પુરાવા મુજબ ફરિયાદણ ૨૩ વર્ષની પુખ્ત ઉંમરની હતી ત્યારે તેને ૧૫ વર્ષના સગીર આરોપી સાથે પ્રેમસંબંધ બંધાયેલો તેવુ ફલીત થાય છે અને ત્યારથી આરોપી અને ફરિયાદી વચ્ચે અનેક વખત શરીરસંબંધ બંધાયેલ છે તેવુ ફરિયાદીના પુરાવા પરથી ફલીત થાય છે. રાત્રે મોડે સુધી પણ ફરિયાદી આરોપી સાથે ફોનમાં વાતચીત કરતા હતા. ફોન છુપાવીને રાખતા હતા તેવુ પણ ફરિયાદીએ કબુલેલુ છે અને ફરિયાદીના પુરાવા મુજબ ફરિયાદીનો ઇરાદો આરોપી સાથે લગ્ન કરવાનો હતો તેવુ પણ સાબીત થાય છે. આરોપી અને ફરિયાદી વચ્ચેના સંબંધની આરોપીના માતા-પિતાને ખબર પડયાના બે-ત્રણ દિવસ પછી ફરિયાદણ દ્વારા હાલની ફરિયાદ આપવામાં આવેલ છે તેવુ ફલીત થાય છે. ફરિયાદીનુ એવુ કથન છે કે, આરોપી તેની સાથે જબરજસ્તીથી શરીરસંબંધ બાંધતા જો ખરેખર જબરજસ્તી શરીરસંબંધ બાંધતા હોય તો આટલા વર્ષમાં કયારેય તેણે તેની માતા-પિતાને વાત કરેલ હોય કે, ફરિયાદ કરેલ હોય તેવુ બનેલ નથી કે, આરોપીનો સામનો કરવા માટે માટે પ્રયત્ન કરેલ હોય તેવુ બનેલ નથી. જેથી ફરિયાદી જે જબરજસ્તીથી શરીરસંબંધ બંધાયાની હકીકત પોતાના પુરાવામાં જણાવે છે તે શંકાસ્પદ છે

અને સમગ્ર રીતે જોતા પુખ્ત ઉંમરની ફરિયાદીએ સગીર ઉંમરના પુરૂષ આરોપી સાથે શરીરસંબંધ બાંધેલ હોય અને તે પુખ્ત ઉંમરનો થયા બાદ તેનાથી આઠેક વર્ષ નાની ઉંમરના આરોપીએ તેની સાથે લગ્ન કરવાની ના પાડતા અને આરોપીના માતા–પિતાને ફરિયાદી અને આરોપીના સંબંધ વચ્ચેની જાણ થઇ જતા તેનાથી બચવા માટે ફરિયાદ આપવામાં આવેલ હોય તેમ ફરિયાદીના પુરાવા પરથી જણાય આવે છે. આમ, ફરિયાદીનો પુરાવો વિશ્વસનીય જણાતો નથી અને હાલના કામમાં સગીર આરોપી ફરિયાદીનો ભોગ બન્યો હોય તેવુ ફરિયાદીના પુરાવા પરથી જ સાબીત થાય છે.

**૧૧.** ફરિયાદીએ જે મેજીસ્ટ્રેટશ્રી રૂબરૂ નિવેદન આપેલ છે તેમાં એવુ લખાવેલ છે કે, અખ્તર મારી સાથે લગ્ન કરવાની વાતો કરતો હતો. હું તારી સાથે લગ્ન કરીશ તેમ જણાવી ઘણી વખત મારી સાથે સંબંધ બંધાયેલ.

**૧૨.** મહમદશા હુશેનશા શાહમદાર કે જે ફરિયાદીના પિતા થાય છે તેઓનો પુરાવો આંક–૩૯ થી નોંધાયેલ છે તેઓએ એવો પુરાવો આપેલ છે કે, મારી દિકરી ફાતમાને અખ્તર સાથે પ્રેમ થઇ ગયેલ. અખ્તર મારા છોકરાનો મિત્ર હતો. મારી દિકરીએ મને તેની સાથે કોઇએ ખરાબ વર્તન કરેલ હોય કે મરજી વિરૂધ્ધ શરીરસંબંધ બાંધેલ હોય તેવુ જણાવેલ નથી.

**૧૩.** ફૈઝલશા મહમદશા શાહમદારનો પુરાવો આંક–૪૦ થી નોંધવામાં આવેલ છે તે એવો પુરાવો આપે છે કે, ફાતમા મારી બહેન છે. તેને અખ્તર સાથે પ્રેમ થઇ ગયેલ. મારી બહેન ફાતમાના લગ્ન રજાક સાથે થઇ ગયેલ છે. અખ્તર અમારા ઘરે આવતો જતો હતો. મારી બહેનની સાથે અખ્તરે તેની મરજી વિરૂધ્ધ શરીરસંબંધ બાંધતા મારી બહેને આ બાબતની ફરિયાદ કરેલ હોય તો તેની મને ખબર નથી. હું છેલ્લા બે–અઢી વર્ષથી બહારગામ રહુ છુ. આ બંને સાહેદોને ફરી ગયેલા જાહેર કર્યા બાદ વિ.એ.પી.પી.શ્રીએ વિસ્તૃત ઉલટતપાસ કરેલ છે તેમાં પણ ફરિયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઇ હકીકત મળી આવતી નથી.

**૧૪.** બનાવવાળી જગ્યાના પંચ અશરફભાઇ અલીભાઇ મલંગનો પુરાવો આંક–૨૧ થી તથા મહેબુબ ઇબ્રાહીમ બ્લોચનો આંક–૨૩ થી રજુ થયેલ છે તેઓ બંને પંચનામાંમાં પોતાની સહી ઓળખી બતાવે છે. આ સીવાય પંચનામાની

હકીકતને સમર્થન કરતા નથી. આમ, આંક–૨૨ વાળુ બનાવવાળી જગ્યાનુ પંચનામુ સાબીત થતુ નથી. ભોગબનનારના કપડા કબજે કર્યાના પંચ– સલીમભાઇ ઇબ્રાહીમભાઇ મલેકનો પુરાવો આંક–૩૨ થી નોંધવામાં આવેલ છે અને આંક–૩૩ થી પંચનામુ રજુ થયેલ છે તે મુજબ તે પંચનામામાં સહી ઓળખી બતાવેલ છે. આ સીવાય કોઇ હકીકત તેઓ જાણતા ન હોય ઉપરોકત પંચનામુ સાબીત થતુ નથી.

**૧૫.** આંક–૩૪ થી અટક પંચનામા તથા આંક–૩૫ થી આરોપીના કપડા કબજે કર્યાનુ પંચનામુ અને આંક–૩૬ અને આંક–૩૭ થી મેડીકલના નમુના લીધેલ પંચનામુ આરોપી તરફે કબુલ કરવામાં આવેલ છે

**૧૬.** તપાસ કરનાર અમલદાર હાર્દીપસિંહ વનરાજસિંહ ચુડાસમાંનો પુરાવો આંક–૪૬ થી નોંધવામાં આવેલ છે તેઓએ પુરાવો આપેલ છે કે, ભોગબનનારની ફરિયાદ તેઓએ લીધેલી. ગુનો નોંધવા માટે પી.એસ.ઓ.ને મોકલી આપેલી. જે યાદી આંક–૪૭ થી રજુ કરેલ છે અને આગળની તપાસ તેઓની સોંપેલ તેનો હુકમ આંક–૪૮ થી રજુ કરેલ છે ત્યારબાદ તેઓએ સાક્ષી સાહેદોના નિવેદનો લીધેલા. ફરિયાદીનુ મેજીસ્ટ્રેટશ્રી રૂબરૂ નિવેદન લેવડાવેલ. મેડીકલ તપાસણી કરાવેલી અને આ અંગેના દસ્તાવેજો આંક–૪૯ થી આંક–૫૬ સુધીનુ રજુ કરેલા છે. પરંતુ ભોગબનનાર અને આરોપીની કોલડિટેઇલ્સ મેળવેલ. એફ.એસ.એલ. પરીક્ષણ કરાવેલુ રીપોર્ટો રજુ કરેલ છે. ઉલટતપાસ દરમ્યાન એવો પુરાવો આપે છે કે, ફરિયાદ મુજબ ફરિયાદીને આરોપી સાથે પ્રેમસંબંધ હતો. ફરિયાદ આપેલ ત્યારે ફરિયાદીની ઉંમર ૩૦ વર્ષ અને આરોપીની ઉંમર ૨૨ વર્ષ હતી.

**૧૭.** સમગ્ર રીતે પુરાવાનુ મુલ્યાંકન કરતા ફરિયાદીનો પુરાવો વિશ્વસનીય જણાતો નથી અને ફરિયાદીને તેનાથી આઠ વર્ષ નાનો ફરિયાદી કે જે સગીર વયનો હતો તેની સાથે પ્રેમસંબંધ બંધાયેલ હોય તેવુ ફલીત થાય છે તેમજ ફરિયાદી એવો પુરાવો આપે છે કે, આરોપી સાથે જબરજસ્તીથી શરીરસંબંધ બાંધેલ હોય તે હકીકત માની શકાય તેવી નથી અને ફરિયાદીએ આરોપી સાથે શરીરસંબંધ બાંધેલ છે તેમ માની લેવામાં આવે તો પણ ફરિયાદી પુખ્ત ઉંમરની હતી સારૂ નરસુ સમજી શકે તેમ હતી તેણે આરોપી સગીર ઉંમરનો

હતો. ત્યારે શરીરસંબંધ બંધાયેલ છે તેવુ સાબીત થાય છે. ફરિયાદીના પુરાવાને તેના ભાઇ અને પિતાના પુરાવાથી પણ સમર્થન મળતુ નથી અને સમગ્ર રીતે પુરાવાનુ મુલ્યાંકન કરતા મુદ્દા નં.૧ માંહેની હકીકત સાબીત કરવામાં ફરિયાદપક્ષ સંપુર્ણપણે નિષ્ફળ ગયેલ હોય મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં.૨ સંબંધે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**::– આખરી હુકમ –::**

**૧.** આ કામના આરોપી **અખ્તર યુસુફભાઈ મલેક,** ઉ.વ.૨૨, ધંધો–મીસ્ત્રી, રહે.પ્રભાસપાટણ, તા.વેરાવળ, જી.ગીર સોમનાથનાઓને આઇ.પી.સી.કલમ–૩૭૬(૨)(એન), ૫૦૬(૨) મુજબના ગુનામાથી ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ–૨૩૫(૧) બી.એન.એસ.એસ.ની કલમ–૨૫૮(૧) અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** આરોપીએ ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ–૪૩૭(એ) બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૧ અન્વયે અપીલ સમય સુધીના રૂા.૧૫,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર પુરા) ના સધ્ધર જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા અત્રેની અદાલત સમક્ષ રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**3.** મુદ્દામાલ સંબંધે વચગાળાનો જો હુકમ કરવામાં આવેલ તો કાયમી કરવામાં આવે છે તે સીવાયનો કબજે કરવામાં આવેલ મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવો.

આજરોજ આ હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૦૩/૦૭/૨૦૨૬
સ્થળ : વેરાવળ.

**(જીગ્નેશ જગદિશચંદ્ર પંડયા)**
એડી. સેશન્સ જજ
ગીર સોમનાથ,વેરાવળ
કોડ નં.જીજે૦૦૭૫૬

K.R.A.